શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૫૪ • તા.૨૨ મે થી ૨૮ મે ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# રાપર ગઢવારી સંઘમાં નૂત્તનીકરણ થયેલ ભોજનશાળાનો શુભારંભ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પુસ્તક આપણા સાચા મિત્ર

જીવનમાં જેટલી ગરજ એક સાચા અને સારા મિત્રની હોય છે. એટલીજ જરૂરત સારા અને સાચા, સ્પષ્ટ અને વિચાર અભિવ્યક્તિની ખીલવણી કરતાં શબ્દોના સાથની જરૂરી હોય છે. વાણી દ્વારા આપણા મનના વિચારો પ્રગટ થાય છે, પ્રસાર થાય છે. આ વાચા દ્વારા બોલાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ પુસ્તકારે સંગ્રહિત થાય છે. આ શબ્દોના સંકલન થયેલ પુસ્તકો વર્તમાન અને ભવિષ્યકાળમાં ઝળહળતી મશાલ જેમ અનેકોના જીવનનું માર્ગદર્શન કરે છે.

કોઈપણ ભાષામાં બોલાયેલ શબ્દો આખરે આપણા મનમાં ચાલતા વિચારોનું પૂર જેવાં, કે લાગણીઓના બાંધેલા પોટલાં જેવા અથવા આપણી વેદના, સંવેદના અને આશા કે ઉમ્મીદોના ખજાના જેવા હોય છે. મનમાં મહેરામણમાં સર્જાતા શબ્દોના મોજાં જો વાચા દ્વારા કિનારો પામે તો ઠીક છે. નહીં તો અંતરના ઊંડાણમાં ઘરબાઈ કાળ મીંઢ સમય કાળમાં દફનાઈ મરે છે.

વીતી ગયેલા વખતકાળમાં માત્ર પુસ્તકો જ શબ્દોની જાળવણીનું માધ્યમ હતા. તે અગાઉ વિશિષ્ટ પ્રકારના ઝાડનાં પતા-પાંદડા ઉપર અક્ષરો લખાઈ તેનું સંકલન થ તું. હવે તો પુસ્તકોની સાથે મોર્ડન ટેકનોલોજીના લીધે વિવિધ સ્વરૂપે અક્ષરો શાશ્વત સ્વરૂપે સચવાય છે. ટેકનોલોજી આજે આશીર્વાદ રૂપે છે અને અભિશાપ રૂપે પણ તેનો પરચો દાખવે છે. પહેલાં ટેકનોલોજીના ઉપયોગના પ્રતાપે સમયની બચત થ તી હતી હવે આજ ટેકનોલોજી સૌના સમયના બરબાદીનું કારણ પણ બની રહી છે.

દરેક લાગણી કંઈ શબ્દો દ્વારા લખી અભિવ્યક્ત નથી થઈ શકતી, ક્યારેક એ ગીતો દ્વારા, હસ્તકલા, રંગો કે અંગોના હાવભાવ દ્વારા પણ. ટોળેના ટોળા હોય તેં છતાં જેને કંઈ સંદેશા કહેવો છે તેને જ માત્ર એકલાને એ દ્વારા પહોંચાડી શકાય છે.

પુસ્તકોએ શબ્દોની મંજૂષા, અક્ષરોનો અખૂટ પટારો છે. જેને કાળનો ક્રમ પણ મટાવી શકતો નથી. પુસ્તકોને જ્ઞાનના ભંડાર કહેવાયા છે. સુખ દુ:ખના સાચા સાથી ગણાયા છે. મન જ્યારે વિચલિત થયેલ હોય, મગજ ડામાડોળ હોય, વિચારોની નાવડી વમળના ઘેરામાં હાલક ડોલક થઈ રહી હોય ત્યારે આપણી વેદના સાંભળી શકે, સમજી શકે અને સલાહ માર્ગદર્શન આપી શકે એવા મિત્રની જરૂરત હોય છે. પણ જો મિત્ર સમીપન હોય એ સમયે કોઈ મનગમતું પુસ્તક જો આંખ સમક્ષ હોય તો તેનું વાંચન તેનું સાંનિધ્ય પામી મન-મગજને સધિયારો પ્રાપ્ત થાય છે. શબ્દોના જ્ઞાન પ્રકાશથી અવ્યક્ત શાંતિ થાય છે. અક્ષરોના સમીકરણથી જાણે નવો રાહ મળે છે, નવી દિશા મળે છે.

પુસ્તકોને પ્રેરણાની પરબ કહેવાય છે. જે તરસને મટાડે અસમંજસ અવસ્થાને શાંતિ આપે. જ્ઞાન-વિજ્ઞાન વેદ-ધર્મ, સત્ય આચાર-વિચારના અખૂટ ખજાના જે ખોબલા ખોબલા ભેર વેરે છે એવા પરમ મિત્ર પુસ્તકો સૌને માટે રહનુમા માર્ગદર્શક અને મંઝિલભણી પહોંચાડતા મિત્ર જેવા છે. મિત્રની મદદ પામવા હાકલ કરવી પડે છે. જ્યારે પુસ્તક નામનો મિત્ર આપણી સમીપ આપણા હાથ વેંતમાં જ રહે છે. એટલે જ પુસ્તકોને Friends For Ever કહેવાયા છે.

– જય જ્ઞાતિમૈયા

# સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

# સંતાનોનો ઉછેર

માવતરોના એ વિચારો હોય છે કે પોતે જ તકલીફ વેઠી છે એ સંતાનો ન વેઠે. પોતે જ વિકટ પરિસ્થિતિમાં પસાર થયા છે એવી વિષમ, કપરી પરિસ્થિતિ પોતાના સંતાનો પર ન ગુજરે. વધારે પડતું જતન, વધારા પ્રમાણમાં સંતાનોને કાચી વયે અપાતી સગવડને લીધે તેઓ નમાલા, પરાવલંબી અને સગવડ સુવિધા માણનારા થઈ જાય છે. દુ:ખ, કષ્ટનો તાપને તેઓ જાણી શકતા નથી જેને કારણે આવા સંતાનો હરીફાઈમાં ટકી શકે તેવા ખડતલ થઈ શકતાં નથી.

નાનપણમાં બાળકને લાડ લડાવવા એ એના સારા ઉછેર માટે સારું હોય છે. માવતરની હુંફ પામી તે જલ્દી મ્હોરી ઉઠે છે. આ એ સમયની તેની જરૂરત હોય છે. પણ પોતાના કાર્યો પોતે કરી શકે એ માટે તેને જ્ઞાન આપવું, સમજણ આપી જરૂરી હોય છે. સ્કૂલમાં ભણતર શિક્ષણ માટે દાખલ કરાય તેને પોતાનું લેસન કે શિક્ષણનું કાર્ય પોતે કરવાનું હોય છે. જો બીજો કોઈ એ કરી આપે તો એ શીખી ક્યારે શકે? તે પારંગત ક્યારે થઈ શકે. વધારે પડતું લાડકોડ એ આળપંપાળ જેવી આદત ન બની જાય એ પણ વાલીઓએ જોવી જોઈએ.

સમજણની વયે કડક શિસ્ત જરૂરી હોય છે. વધુ પડતી દેખરેખ અધિક કરતાં અછોવાનાં સંતાનોને માર્ગ ભૂલાવે છે. માતાપિતાની નજર હેઠળ રહેલાં બાળકો ઉચ્છંખલ થાય. અવિનયી, અશિસ્ત વર્તનવાળા થાય તો હોસ્ટેલમાં દાખલ કરવાથી શિસ્ત અનુશાસનમાં રહી સમય જતાં શિસ્ત ભર્યા થાય છે. પારકાઓની દેખરેખ આ તબક્કે અધિક અસર દાખવે છે ને શિસ્તના દાયરામાં આવી જાય છે.

કાચી વયે અધિક લાડકોડ સારા નહીં તેવી જ રીતે વધુ કડપ કે અંકુશ પણ સારા નથી હોતા. સપ્રમાણ આઝાદી અને શિસ્તનું બંધન વધુ સારું પરિણામ આપે છે. એ વાત લક્ષમાં રાખવી જોઈએ. સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે માવતરો એ સજાગ, હોંશિયાર અને અધિક કાળજી ધરાવતા હોવા જોઈએ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# રાપર ગઢવારી સંઘમાં નૂત્તનીકરણ થયેલ ભોજનશાળાનો શુભારંભ





શ્રી રાપર ગઢવારી મહાજનની મિટિંગ બાદ સંજોગવશાત હિતેશભાઈ મોતા સ્થાનિક રોકાણ કરેલ. તેમણે અરજી અને મહાજનવાડી પરિસરમાં સાફ સફાઈ અને જરૂરી સુધારા વધારા જાત દેખરેખ હેઠળ કરાવ્યા. ભોજનશાળા જે બંધ હતી અને તેમાં રહેલો જૂનો માલ સામાનનો નિકાલ કરી નવા વાસણ સામાન વસાવ્યા અને વિધિવત ઉદ્‌ઘાટન કર્યું.

ગામના હિન્દુભાઈઓ તેમજ ગામવાસીઓ બધા સાથે જમયા અને તેઓએ શુભ આશીર્વાદ આપ્યા. સ્વખર્ચે આ બધા સારા કામો કર્યો એ એમની ગામ પ્રત્યેની લાગણી અને પ્રેમ ભાવ દર્શાવે છે. આવા જ ગ્રામ ઉત્થાનના કાર્યો કરવાની પ્રભુ પરમાત્મા તેમને પ્રેરણા આપે એવી શુભ ભાવના સૌની છે.

ગામવાસીઓ અને આપણા ધર્મ પ્રત્યે સમભાવ ધરાવતા હિન્દુ ભાઈઓની મિટિંગ લઈને જૈન ધર્મ બાબત અને તેને પાળવા બાબત સમજણ પણ આપી. હાલમાં ૧૬ થી ૧૮ જણ રોજ પૂજા કરે છે. ચૈત્રી માસની આયંબિલ ઓળી વખતે રોજ શ્રી પાલ મયણા રાસ વાંચી તેની સમજણ આપી. રાત્રે પ્રભુ ભાવના સાથે ચિ. અજય અને ચિ. જય હિતેશ મોતા દ્વારા વિવેચનમાં જૈન બાબતે સમજણ અને પ્રશ્નોત્તરી પણ કરવામાં આવે છે. જેમાં ૪૦ થી ૫૦ નાના મોટા ગામાસીઓ સામેલ થઈને ધર્મમય વાતાવરણ અનુભવતા થયા છે. જે આજના સમયમાં સમગ્ર અબડાસા પંથકમાં ધાર્મિક જાગૃતતા, જિનબિંબ પૂજા, દર્શન, આરાધનાના સૂત્ર શ્રવણ એવમ ભક્તિ ભાવનામાં સૌનું હાજર રહેવું એ દાખલા રૂપ ગણાય. આ માટે હિતેશભાઈ મોતાના સમગ્ર પરિવારના રાપર સંઘના સૌ ઋણી રહેશે. માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારની સદઈચ્છા છે કે ગામવાસીઓ સ્થાનિક પધારે અને તેમના રોકાણ અને ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે સૌને પ્રેમપૂર્વક પધારવા અને દાદાની ભક્તિ કરે સહર્ષ આમંત્રણ છે. સૌ વતી સંઘના ટ્રસ્ટીઓ પુનઃ હિતેશભાઈ મોતાનો આભાર માને છે.





# બોંતેર જિનાલય તીર્થે રજત જયંતિ વર્ષ ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો





તા. ૧૮ મે મંગળવારના શુભ દિને કચ્છ પ્રાંતના મહાતીર્થ બોંતેર જિનાલયમાં પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં રજત જયંતિ વર્ષે ધ્વજા મહોત્સવનું આયોજન ભવ્યતાથી યોજાયો. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ ભાવપૂર્વક થઈ.





# પ.પૂ.સાધ્વીશ્રી ભાગ્યવર્ષાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના રજત જયંતિ વર્ષ પૂર્ણ થતા શક્રસ્તવ અભિષેક કરાયા









પ.પૂ.સાધ્વીશ્રી ભાગ્યવર્ષાશ્રીજી મ.સા.ની વૈશાખ સુદ પાંચમ રવિવાર ૧૬મે ના દિને ૨૫મી રજત જયંતિ દીક્ષા તિથિ નિમિત્તે શ્રી કેડીઓ જી.વી.સી.જૈન સંઘના શ્રી અનંતનાથજી દાદાના શક્રસ્તવ અભિષેક કરાયા અને સુંદર પુષ્પોની અંગરચના ભાવપૂર્વક કરાયેલ. આ અવસરનો હરખ સંઘમાં સૌને હૈયે અતિ ઉત્સાહભેરનો હતો.

# પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ થાણાનું ચાતુર્માસ માટુંગા સંઘમાં



અક્ષય તૃતીયાના દિને સમૂહ વર્ષીતપ પારણા મહોત્સવ અચલગચ્છ જૈન સંઘ માટુંગામાં તા.૧૪ મે શુક્રવાર રોજે યોજાયેલ આ પ્રસંગે અચલગચ્છાધિપતિ સાહિત્ય દિવાકર આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., જિનવાણીના જાદુગર પ.પૂ.મુનિરાજ શ્રી કમલપ્રભસાગરજી મ.સા., દક્ષિણ રત્ન પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., મધુરકંઠી પ.પૂ.મુનિરાજશ્રી મુક્તિ રતનસાગરજી મ.સા., વર્ષીતપ આરાધક પ.પૂ.મુનિરાજ શ્રી તીર્થરતનસાગરજી મ.સા. અને સરલમના પ.પૂ.મુનિરાજ શ્રી આગમોદયસાગરજી મ.સા. આદિઠાણા ૨નું ચાતુર્માસ શ્રી માટુંગા કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે જાહેર કરવામાં આવ્યું. આ ઉદ્ઘોષણને સૌએ હરખભેર વધાવી હતી.

## યવતમાલના દિગ્રસ સંઘમાં વર્ષીતપના પારણા ઉત્સાહ સાથે કરાયા

મહારાષ્ટ્ર રાજ્યના યવતમાલ પ્રાંતના દિગ્રસ નગરના નાના છતાં ધર્મ ધ્યાન અને આરાધનામાં અગ્ર રહેતા સંઘમાં તપસ્વી અલકાબેન મોતાના વર્ષી તપના પારણા તેમના નિવાસ સ્થાને કુટુંબીજનો સાથે મહા ઉત્સાહના માહોલમાં કરાયા.









# પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના સાતમાં વર્ષમાં પ્રવેશ

દીક્ષા તિથિ વૈશાખ સુદ ૬ વિક્રમ સંવત ૨૦૭૧ તા.૨૪ એપ્રિલ ૨૦૧૫ ગામ સાંધવના માતુશ્રી મીનાબેન મણિલાલ પદમશી ખોનાના દુહિતા જે ભાંડુપ નગરે, ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા બની પ.પૂ. સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.ના નામથી પરિવર્તીત થયા. વર્તમાને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.એ. સંયમ જીવનની દીક્ષા આપી હતી.



# પાલીતાણા મહાતીર્થે મુમુક્ષુ યુવક અને મુમુક્ષુ યુવતીની દીક્ષા ગ્રહણ સંપન્ન કરાઈ






અચલગચ્છમાં આનંદના વધામણા જેવા અવસર તા.૧૬મે રવિવારના પાલીતાણા તીર્થે થયો. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય-પ્રશિષ્યએ તા.૧૬ મે રવિવારના વહેલી સવારે અત્રે એક મુમુક્ષુ યુવાન અને એક મુમુક્ષુ બહેન દીક્ષીત થયા.

યુવાનનું નામ મુનિરાજ શ્રી પદ્મોદયસાગરજી મ.સા. તરીકે પ.પૂ.મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરસૂરીશ્વરજી મ.સા. શિષ્ય તરીકે જાહેર થયા. બહેનનું નામ પ.પૂ.સાધ્વીશ્રી ધન્યરક્ષિતાશ્રીજી મ.સા. તરીકે જાહેર થયું. તેઓ પ્રવર્તીની મહતરા સાધ્વી મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે જાહેર થયા.

બંન્ને નૂતન દીક્ષાર્થે રાજસ્થાની સમાજના છે.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના કાર્યાલયમાં શ્રી અચલગચ્છાધિપતિશ્રીના પગલાં થયા




અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. તથા પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા તા.૧૯ મે બુધવારના દિને શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના કાર્યાલયમાં પધાર્યા. સંસ્થાવતી માનદ્‌મંત્રી વિનોદ ગંગરએ પૂજ્યશ્રીઓને આવકાર આપેલ. ઓફિસના જૂના સ્ટાફ મેમ્બર નારાયણએ પણ ગુરૂદેવના આર્શીવાદ લીધેલ. સાહેબશ્રીના પધરામણીથી સંઘની ઓફિસમાં ખુશીનો માહોલ જામ્યો હતો.

# પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરશ્રીજી મ.સા.ના સંયમ જીવનના રજત વર્ષ પૂર્ણ થયાં





પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬મા વર્ષમાં પદાપર્ણ કર્યા. પૂજ્યશ્રીની દીક્ષા તિથિ વૈશાખ સુદ ૫ વિક્રમ સંવત ૨૦૫૨. માવિત્ર ગામ નલીયાના માતુશ્રી પાનબાઈ ભવાનજી નાગશી ખોના ગુરૂ નામ પ.પૂ.મુનિરાજ શ્રી કમલપ્રભસાગરશ્રીજી મ.સા. દિક્ષા સ્થળ બોંતેર જિનાલય. દિક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.





તેઓ દિક્ષા લીધા પહેલા ઘાટકોપરમાં ગુણભારતી માસિક કાર્યાલયમાં મેનેજર તરીકે વર્ષો સુધી જોડાયેલા રહ્યાં હતાં. તેમના સંસારી પુત્ર કુલીનભાઈ ખોના હાલમાં પાલીતાણા પાસે સોનગઢ બોર્ડીંગમાં મેનેજર તરીકે જોડાયેલા છે અને સંસ્થાનું વહીવટ ખૂબજ ચીવટપૂર્વક સંભાળી રહેલા છે.





# પ.પૂ.સાધ્વીશ્રી ખંતિગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના
# ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬મા વર્ષમાં શુભમંગલકારી પ્રવેશ




જલગાંવ નગરના પ્રેમનગર વિસ્તારની અનંત છાયા સોસાયટીમાં બિરાજમાન અચલગચ્છ જૈન સંઘના નૂતન ગચ્છાધિપતિ સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની સાધ્વીવર્યા પ્રખર પ્રભાવક પ્રવચન દાતા શાંત સ્વભાવી સંયમમૂર્તિ પ.પૂ.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યાવર્યા પ.પૂ.સાધ્વીવર્યાશ્રી ખંતિગુણાશ્રીજી મ.સા. પોતાના સંયમ જીવનના ૨૫ વર્ષ તા.૧૬ મે રવિવાર વૈશાખ સુદ પાંચમના શુભકારી દિને પૂર્ણ કરી ૨૬મા વર્ષમાં મંગલ પદાર્પણ કર્યો. જલગાંવ સંઘના પ્રમુખ ટ્રસ્ટી ભાગચંદ વેદ મુથા, કાર્યકારી ટ્રસ્ટી પ્રદિપભાઈ મુથા, ક.દ.ઓ.જૈન મહાજનના ટ્રસ્ટી લલિતભાઈ લોડાયા, શ્રી પારોલા તીર્થના અધ્યક્ષ ધનપતિભાઈ મોમાયા, ક.વિ.ઓ.જૈન મહાજનના ઉપાધ્યક્ષ શ્રી સંજયભાઈ સોની, ક.દ.ઓ.મહાજનના અધ્યક્ષ કલ્પેશ છેડા, ઉપાધ્યક્ષ નીતિનભાઈ લોડાયા એ ગુરૂ ભગવંતોને તેમની વાસ્તુનો લાભ આપી વર્તમાને બિરાજમાન રહેવાની વિનંતી કરી. શાતાપૂર્વક બિરાજમાન રહી ધર્મ આરાધના હેતુ વાસ્તુશાતાના લાભાર્થી પરિવાર માતુશ્રી તારાબાઈ કુલીનકાંત મૂલજી લોડાયા પરિવારના અનુજ તથા પારોલા તીર્થના ટ્રસ્ટી દિનેશભાઈ લોડાયા, ક.દ.ઓ.જૈન ગોઅરસમા-બારોઈ, મહાજનના અગ્રણી અશોકભાઈ જૈન-પોલડીયા, સુશ્રાવક મહેશભાઈ મોતા, મિતેશભાઈ શાહ, શ્રીમતી મંજુલાબેન ઓસવાલ-લોડાયા, પ.પૂ.સાધ્વીવર્યાશ્રી ખંતગુણાજી મ.સા.ને હાર્દિક અનુમોદના આપી. સંયમ આરાધના નિર બાધારૂપ અને નિર્વઘ્ન રૂપએ અવિરત ચાલતી રહે એ માટે મંગલકામના કરી ઉપસ્થિત રહ્યાં હતા.


પ્રદીપભાઈ મુથા વરિષ્ઠ સહયોગીઓ સાથે ગુરૂ ભગવંતોને કામળી વહોરવા લાભ શ્રી સંઘ માધ્યમથી લીધો. વાસ્તુ દાતા પરિવાર અને આ કાર્યક્રમના પ્રેરણા દાતા મહેશભાઈ મોતાની ભૂરી ભૂરી અનુમોદના કરી. સંજયભાઈ સોની પરિવારના નિવાસ સ્થાને કલિંગર જ્યૂસનો સૌએ ન્યાય આપ્યો હતો અને શ્રી સંઘ પૂજન ભક્તિનો સૌએ સ્વીકાર કર્યો હતો.

પૂજ્યશ્રી સાહેબની સંયમ જીવનની અનુમોદના સ્વરૂપ સંઘના સૌ તેમજ ગુરૂ ભક્તો સ્વયંના ઘરે રહી. તપ, જપ, સામાયિક આરાધના કરી પુણ્ય માર્ગના પથિક બને એવી મંગલ ભાવના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ જલગાંવ, શ્રી અચલગચ્છ જૈન સંઘ જલગાંવ, શ્રી કચ્છ દશા-વિશા ઓસવાલ જૈન મહાજન જલગાંવ એ કરી છે.

# કોઠારા તીર્થે ચાતુર્માસની આજ્ઞા મળી

અબડાસા પંથકના પંચતીર્થીના ઐતિહાસિક કોઠારા મહાતીર્થમાં આ વરસનું ચાતુર્માસ અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞા વર્તીની પ.પૂ.સાધ્વીશ્રી ઈન્દુકળાશ્રીજી મ.સા. આદિ ઠાણાનું મળેલ છે. આ હર્ષ સમાચાર જાણી સંઘમાં રાજીપો વર્તાયો છે.

# દલતુંગી નગરે શ્રી અજિતનાથ દાદા દેરાસરનો ૧૧૮મો ધ્વજા મહોત્સવ આનંદ પૂર્ણ માહોલમાં સંપન્ન




હાલાર પ્રાંતના ધર્મમય નગર દલતુંગી નગર જે જામનગરની પાસે આવેલ છ ત્યાંના શ્રી અજિતનાથ દાદાના દેરાસર તીર્થનો ૧૧૮મો ધ્વજા મહોત્સવ તા.૧૬મે રવિવારના મંગલ દિને યોજાયો. ધ્વજાના લાભાર્થી સોનબાઈ શામજી પેથરાજ શિયાલ પરિવાર હસ્તે અ.સૌ.ભાવનાબેન બિપિન શિયાલ, અ.સૌ.બીના સેતલ શિયાલ, ચિ. દિવ્યાંશ બીના સેતલ શિયાલ જ્યારે સ્વામી વાત્સલ્યના લાભાર્થી માતુશ્રી મણિબેન ગોવિંદજી ગાંગજી લાપસીયા પરિવાર રહ્યાં હતા.

આ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ રંગ, ઉમંગ અને આનંદપૂર્ણ માહોલમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓના ભવ્ય સહભાગથી વિધિકાર કલ્પેશભાઈ શાહના સથવારે યોજાયેલ.




# ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાને દાતાઓ દ્વારા બે ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીનની જ્ઞાતિજનોના ઉપયોગાર્થે ભેટ મળી





ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાના આદરણીય વડીલ તથા પૂર્વ ટ્રસ્ટી સ્વ.શ્રી ખીરેન્દ્રભાઈ લોડાયાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે પરિવાર દ્વારા કોરોનાની મહામારી સમયમાં જ્ઞાતિ સમાજના સભ્યોને સહાય રૂપ થાય તે ઉમદા ઉદ્દેશથી એક નંગ ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીન ૫ લિટર કેપિસીટીનું સમાજને અર્પણ કર્યું. એક સુકૃત કાર્ય અન્યને પ્રેરે છે. એમ સમાજના અન્ય પરિવારે પણ શ્રી આનંદીલાલ દંડની સ્મૃતિમાં તેઓના પરિવાર તરફથી બીજું એક ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીન સમાજને ભેટ આપ્યું.

આ પ્રસંગે સમાજના ૧૩ ટ્રસ્ટી ગણ હાજર રહ્યા હતા. છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન જ્ઞાતિ સમાજને ખૂબ જ મદદ રૂપ થયેલા બીજેપી વડોદરા શહેર પ્રમુખ અને ઈન્દુ બ્લડ બેંકના ડૉ. વિજયભાઈ, સ્થાનિક ધારાસભ્ય જીતુભાઈ સુખડિયા, પૂર્વ ધારાસભ્ય બાલુભાઈ શુક્લ, સવિતા હોસ્પિટલના સીએમડી ડૉ. મિતેશભાઈ તથા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના મનોજભાઈ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં અને સમાજસેવાના આ કાર્યને મોકળે મને બિરદાવ્યું હતું.

# અચલગચ્છાધિપતિશ્રીએ ક.વી.ઓ.દેરાવાસી મહાજનની ઓફિસમાં પધરામણી કરી





તા. ૧૯ મે બુધવારના અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ૧૪ શ્રી કવીઓ દેરાવાસી મહાજનની ઓફિસે પધરામણી કરી. દેરાવાસી મહાજન વતી માનદ્‌મંત્રી અશોકભાઈ છેડાએ પૂજ્યશ્રીઓને કામળી વહોરાવી હતી તેમજ આ પ્રસંગે ચીંચબંદર જૈન સંઘના પ્રમુખ તલકશી ચનાભાઈ ગાલાએ પૂજ્યશ્રી સાહેબોને આવકાર આપેલ. સ્ટાફના દરેક સભ્યોએ પણ પૂજ્યશ્રીને પાય લાગણ વંદન કરી આશીર્વાદ લીધેલ. પૂજ્યશ્રી આજે ચીંચબંદર મહાજનવાડીમાં સ્થિરતા કરેલ.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૧૦મી માસિક પુણ્યતિથિએ ગુરૂ ગુણોદય પૂજાનું આયોજન કરાયું





તા.૧૭ મે સોમવારના રોજે વર્ધમાન બોંતેર જિનાલય મહાતીર્થે તપચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૧૦મી માસિક પુણ્યતિથિ નિમિત્તે ગુરૂ ગુણોદય પૂજાનું આયોજન સવારે ૧૦ કલાકથી ભવ્યતાથી કરાયું. આના લાભાર્થી એક ગુરૂભક્ત હતા.



**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# અચલગચ્છાધિપતિ પદ ગ્રહણ બાદ પ્રથમ વિહાર કરી પૂજ્યશ્રી શ્રી અનંતદાદાના દર્શન વંદન કરી અચલગચ્છાધિષ્ઠાયિકાના આશીર્વાદ લીધા

અચલગચ્છાધિપતિ સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક, પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા ૧૪ અચલગચ્છાધિપતિ પદગ્રહણ કર્યા બાદ પ્રથમ વાર વિહાર કરી શ્રી કદઓ જૈન જ્ઞાતિના શ્રધ્ધેય એવા ૧૪મા તીર્થંકર શ્રી અનંતનાથ દાદાના દર્શન, વંદન અને માંગલિક પ્રવચન અર્થે તા. ૧૯ મે બુધવારના પધાર્યા સાથે અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાલી માતાજીના આર્શીવાદ લઈને ધર્મ લાભ આપ્યા.





સોનામાં સુગંધ ભળે તે પ્રમાણે આજના દિવસે મહાન ક્રિયોધારક અચલગચ્છ વિધિપક્ષ પુનઃસ્થાપક એવા પરમ પૂજ્ય આચાર્ય ભગવંત આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૯૩૫મી દીક્ષા તિથિ હતી.

સર્વે પૂજ્યશ્રીઓએ શ્રાવકો સાથે મળી અભિષેક સહ મહાકાલી માતાજીના વિવિધ મંત્રોચ્ચાર સાથે પ્રાર્થના કરી કે અચલગચ્છ, સંઘ, શાસન અને જ્ઞાતિનો ઉત્કર્ષ થાય અને શુધ્ધ ધર્મની પ્રરૂપણા થાય. પૂજ્યશ્રીઓએ મંગલમય પ્રસંગે કદઓ જ્ઞાતિના પૂર્વ આચાર્યો તથા મુનિ ભગવંતોનું સ્મરણ કરી તેમની મહતા દર્શાવી હતી. કેડીઓ જ્ઞાતિનું ગૌરવ એવા આજના દિવસને મંગલમય બનાવવા માટે પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૧૪ના ચરણોમાં શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના કોટી કોટી વંદન.

# સુથરી તીર્થના શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદા જિનાલયની ૧૮૩મી ધ્વજા પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ





અબડાસા પ્રાંતમાં સુથરી તીર્થમાં બિરાજમાન શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની ૧૮૩મી ધ્વજાનો અવસર પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં વિધિકાર ચંદ્રકાતભાઈ દેઢિયાના સંચાલનમાં સ્થાનિક મહાજનની હાજરીમાં ભવ્યતાથી થયો. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ ભાવભક્તિ પૂર્ણ રીતે કરાઈ.

# જ્ઞાતિરત્ન, દાનવીર, શ્રેષ્ઠિવર્ય

# શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી

# સન્માનનીય ઈતિહાસનું સર્જન



શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ સાલસ, હોશિયાર અને સ્વમાની છે. સન્માન પૂર્વક જીવન જીવવામાં માને છે. પરંતુ મહામારીના આ કપરા કાળમાં જીવન જીવવું મુશ્કેલ બન્યું. સહુ માટે આર્થિક મુંઝવણ ઉભી થઈ, સહુ ચિંતાગ્રસ્ત બન્યા.

આવા સમયે આપનો પરિવાર જ્ઞાતિજનોના ખભે હાથ મુકી વાત્સલ્ય ભાવે બોલી ઉઠ્યો...

**“મુંઝાશો નહીં, અમને ખબર છે આપ હાથ લાંબો નહિં કરો,**
**પણ અમે તમારી સાથે જ છીએ.”**

અને તમે જે સાધર્મિક ભક્તિનો ધોધ વહાવ્યો એને જોઈ - સાંભળી આંખો હર્ષના આંસુથી છલકાય છે.
જ્ઞાતિના સમસ્ત બાંધવો આપના પરિવાર સમક્ષ નતમસ્તક છે.

વડિલોના સંસ્કારના વારસાની જ્યોતને જ્વલંત બનાવી સન્માનનીય ઈતિહાસનું સર્જન કર્યું છે. એની અનુમોદના માટે શબ્દો ટુંકા પડે છે.

દેવ-ગુરૂ-ધર્મ તેમજ જ્ઞાન અને જ્ઞાતિ માટે કાંઈક કરી છુટવા સૈદવ તત્પર રહેનાર આપના પરિવારની અંતરના અહોભાવથી અનુમોદના.

પ્રથમ મહારાષ્ટ્ર એકમ સુધી મર્યાદિત રાખેલ આ કાર્યને સર્વ મર્યાદા દૂર કરી દેશના ખુણે ખુણે સાધર્મિક ભક્તિના નાદને ગુંજતો રાખ્યો છે, જે અત્યંત પ્રશંસનીય છે.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

**શ્રી મનિષ ભવાનજી લોડાયા**
પ્રમુખ

**શ્રી ગોવિંદજી નેણસી સોની**
માનદ્ મંત્રી

# પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભુ જિનાલયની ૧૬૭ ધ્વજા તથા શ્રી શીતલનાથ દેવકુલીકાની ૬ઠ્ઠી ધ્વજા મહોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ








શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ દ્વારા વૈશાખ સુદ-૧૧ શનિવાર તા.૨૨-૫-૨૦૨૧ના રોજ શ્રી ચંદ્રપ્રભુ જિનાલયની ૧૬૭ ધ્વજા તથા શ્રી શીતલનાથ દેવકુલીકાની ૬ ઠ્ઠી ધ્વજા મહોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો જેમાં મોટી સિંધોડી-રાપરગઢ-લાલા તથા વાંકુથી આમંત્રિત મહેમાનો પધાર્યા હતા. ધ્વજા મહોત્સવમાં ઘૃત ઉછામણી ઘૃત મણ-૪૭૯૮૨ થયેલ તથા આજની સાર્ધમિક ભક્તિ માતુશ્રી હિરાવંતીબેન લહેરચંદભાઈ મેપાણી પરિવાર હસ્તે શા. નયનભાઈ તથા માતુશ્રી રતનબાઈ આણંદજી શામજી દંડ પરિવાર હસ્તે શા.લહેરચંદભાઈ તરફથી કરવામાં આવેલ તેમજ વર્ષ ૨૦૨૦-૨૧ માટે સાધારણ ફંડમાં રૂા.૩૧૨૫૦૦/- તથા વર્ષ ૨૦૨૧-૨૨ માટે સાધારણ ફંડમાં રૂા.૩૫૮૬૧૧/- એકત્રિત થયેલ તથા જીવદયામાં રૂા.૬૬૦૦૦/- તથા અખંડ જ્યોત ખાતામાં રૂા.૩૩૦૦૦/- તથા શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતામાં રૂા.૨૨૦૦૦/- તથા શ્રી કેશર-સુખડ-ધુપ વગેરે ખાતામાં રૂા.૩૩૦૦૦/- તથા નમણ પક્ષાલ ખાતામાં રૂા.૧૧૦૦૦/-. તેમજ શ્રી જિનાલય શુધ્ધિકરણ ખાતામાં રૂા.૧૬૫૦૦/- એકત્રિત થયેલ. તે બદલ ભાગ્યશાળી દાતાશ્રીઓની ખુબ ખુબ અનુમોદના.

આ સંપૂર્ણ કાર્યક્રમ ઓનલાઈન ઝૂમ એપ દ્વારા ટ્રસ્ટીગણ દ્વારા આયોજન કરવામાં આવેલ જેને લીધે ભારતભરમાં વસતા પરજાઉ ગામવાસીઓ આનંદ ઉલ્લાસથી આ કાર્યક્રમ માણી શક્યા.

---

# ફુલ ખીલે ગુલશન ગુલશન



**વિરાંશ**

શિઆલ પરિવાર
માતા - રીના
પિતા - જીગર
જન્મ - ૧૩-૫-૨૦૨૧



**તીર્થ**


લોડાયા પરિવાર
માતા - મીંકલ
પિતા - મોહીત
જન્મ - ૨૭-૪-૨૦૨૧



# ભાવભીની શ્રદ્ધાંજલિ



હિરાચંદ દૌલત
તા.૧૧ મે (ઉ.૮૯)
સુથરી-લાસવેગસ (USA)



ભવાનજી છેડા
તા.૧૫ મે (ઉ.૭૬)
નલિયા-પોંડિચેરી



શિલ્પા નાગડા
તા.૧૫ મે (ઉ.૪૬)
નલિયા-મુલુંડ



દર્શન લાલકા
તા.૧૬ મે (ઉ.૩૪)
વારાપધ્ધર-વાપી



નિર્મલા મોમાયા
તા.૧૯ મે (ઉ.૭૦)
વરાડીયા-માંડવી



જયંત સોની
તા.૨૦ મે (ઉ.૬૪)
સુથરી-જુહુ



નયના મોતા
તા.૨૦ મે (ઉ.૩૫)
નલિયા-ગાંધીધામ



લક્ષ્મીચંદ ડાઘા
તા.૨૦ મે (ઉ.૭૩)
વરાડીયા-થાણે



દિપા લોડાયા
તા.૧૯ મે (ઉ.૭૧)
સુથરી-ફ્લોરિડા (USA)



નવલબાઈ મુનવર
તા.૨૦ મે (ઉ.૮૩)
જખૌ-બેલ્લારી



હિરલ દંડ
તા.૧૬ મે (ઉ.૩૦)
છાદુરા-મુલુંડ



કિર્તીદા મૈશેરી
તા.૨૧ મે (ઉ.૬૧)
માંડવી-મુલુંડ



નવીન લોડાયા
તા.૨૨ મે (ઉ.૬૪)
બાંઢીયા-ભુજ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● તાજેતરમાં યુનાઈટેડ નેશન પીસ કીપિંગ ફોર્સ કાઉન્સિલ સાઉથ એશિયા મોડેલ દ્વારા યોજાયેલી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં વક્તા તથા ટીમ એડવાઈઝર તરીકે કચ્છ યુનિવર્સિટી અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષા ડૉ. કલ્પના સતીજાએ ભાગ લીધો હતો. જ્યારે કચ્છની પણ હાલે દિલ્હી પબ્લિક સ્કૂલ અમદાવાદ અભ્યાસ કરતી દિયા જાડેજાએ પણ આ જ સેમિનારના બીજા ભાગમાં વિવિધ દેશોના વિદ્યાર્થીઓ એ તેમનું ભાષણ આપ્યું હતું. તેમાં સામેલ હતી અને એસ ડી.જિગોલ અને ભારતમાં અન્નખાદ્યની અછત પર પોતાની વિચાર વક્તવ્ય દ્વારા રજૂ કર્યા હતા.

● કચ્છી ભાનુશાલી સમાજ દ્વારા જ્ઞાતિજનો માટે ગાંધીધામ, ભુજ અને નલિયામાં કોવિડ આઈસોલેશન સેન્ટર ચાલુ કરાયા છે. જેમાં દવા, ભોજન, તબીબી સારવાર ઓક્સિજન સહિતની સુવિધા વિનામૂલ્ય અપાય છે.

● કોરોના સંક્રમણ વધવાથી ઓક્સિજનની મોટા પાયે જરૂરિયાત વધી છે. દીનદયાળ કંડલા પોર્ટ ટ્રસ્ટ હસ્તકની ગોપાલપુરી હોસ્પિટલમાં પણ કોરોના દર્દીઓની સારવાર થઈ રહી છે. અહીંની રોજિંદી જરૂરિયાત પૂર્ણ કરવા ડીપીટી જાતે ઓક્સિજન પ્લાન્ટ ઊભો કરશે. એક દર્દીને ૨૪ કલાકમાં સવા બે સિલિન્ડરની ખપત રહે છે. હાલે ૫૦ પથારીવાળી આ હોસ્પિટલમાં ૩૨ પથારી કોરોના અર્થે ફાળવાઈ છે.

● કચ્છના ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કોરોના સંક્રમણને લીધે વધતી જતી દર્દીઓની સંખ્યાને સારવાર આપવા અને લખપત તાલુકાની જનતાની સ્વાસ્થ્ય સુખાકારીને માટે તાલુકાનો પ્રથમ કોવિડ સેન્ટર મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા મા આશાપુરાજીના પ્રાંગણમાં શરૂ કરવામાં આવ્યું છે. શરૂઆતે બે બિલ્ડીંગમાં ૫૧ બેડની સુવિધા ઊભી કરાઈ છે. જરૂર પડશે તો વધુ સુવિધા આપવાની તૈયારી જાગીર દ્વારા કરવામાં આવશે. દવાઓ સહિતનો ખર્ચ મઢ જાગીર ટ્રસ્ટ કરશે.

● કચ્છની ૪૨ ડિગ્રી ગરમી અને ચિતાના અસહ તાપ વચ્ચે ભુજની ખારી નદી સ્મશાનમાં આર.એસ.એસ.ના સ્વયંસેવકો દરરોજ ૧૫ થી ૨૦ મૃતદેહોને અવલ મંજિલે પહોંચાડીને સાચા સ્વજન બન્યા છે. રાત દિવસ અત્રે સેવા કરતા સ્વયંસેવકોને ચા-પાણી અને ભોજન સહિતનો પ્રબંધ ભૂતનાથ ટ્રસ્ટે ઉઠાવ્યો છે. રાત્રે પણ સ્મશાનમાં મુઠ્ઠીભર કાર્યકરો ચાર-પાંચ ચિતાના ભઠકાની વસતી સિવાય સર્વત્ર ભેંકારમાં વસતી કરતાં સજ્જ રહે છે.

● કચ્છમાં કોરોનાની સ્થિતિમાં પ્રભારી મંત્રીની જવાબદારી સંભાળતા રાજ્યમંત્રી વાસણભાઈ આહીર અને ઉચ્ચ અધિકારીઓ વચ્ચે યોજાયેલી સમીક્ષા બેઠક બાદ જાહેર કરાયેલા નિવેદન મુજબ જિલ્લાની ઓક્સિજન અછત દૂર કરવા તાત્કાલિક અસરથી પાંચ નવા ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી. કચ્છમાં હાલે ૩૮૦૩ પથારી કાર્યરત હોવાનું જણાવીને ઉમેર્યું કે તેમાંથી ૧૨૦૦ બેડ ઓક્સિજનવાળા છે. વધુ ૩૦૦ કાર્યરત થઈ રહ્યાં છે. અધિકારીઓ સાથેની કોવિડ સંદર્ભે સમીક્ષા કર્યા બાદ ત્રુટીઓ દૂર કરવામાં આવે તેવું આયોજન ગોઠવવામાં આવ્યું છે.

● કોરોનાની મહામારીમાં આરોગ્ય સુવિધામાં અન્ય સુવિધાઓની જેમ ૧૦૮ની પણ અછત વર્તાઈ રહી હતી જેથી રાજ્ય સરકારે ૧૦૮ સુવિધાની ૧૦ એમ્બ્યુલન્સ કચ્છ જિલ્લાને ફાળવી છે. આ સુવિધાથી કચ્છનું આરોગ્ય તંત્ર વધુ મજબૂત બન્યું છે. લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે તેમજ લોકોને ૧૦૮ની અછતના કારણે હાલાકી ભોગવવી પડતી હતી તેનો અંત આવશે તેવો આ અવસરે વિશ્વાસ દર્શાવ્યો હતો.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA